<u>પોરબંદરનાં નામદાર એડીશનલ ડિસ્ટ્રિકટ જજશ્રીની કોર્ટમાં,</u>

**<u>મુ.</u> : પોરબંદર.**

**<u>દિવાની પરચુરણ અરજી નં. ૫૪/૨૦૨૫</u>**

**<u>અરજદાર</u> :–**
ગરચર નાથાભાઈ બચુભાઈ,
ઉ.વ. ૪૬, ધંધો : નોકરી,
રે. 'ચામુંડા કૃપા' શેરી નંબર–૦૮,
જુરીબાગ, પોરબંદર.

**વિ રૂ ઘ્ધ**

**<u>સામાવાળાઓ</u> :–**
××××× ××××× ×××××

<u>અરજદાર તરફે</u> : <u>વિધ્વાન ધારાશાસ્ત્રીશ્રી એ. આર. લાખાણી</u>

-

**બાબત : <u>ધી રાઈટસ ઓફ પર્સનસ વિથ ડીસએબીલીટીસ એકટ, ૨૦૧૬ ની કલમ ૧૪ મુજબ પર્સન વિથ ડિસએબીલીટીના ગાર્ડીયન યાને વાલી નીમવા પરવાનગી આપવા અંગે..</u>**

**–:: <u>હુકમ</u> ::–**

(૧) અરજદારે હાલની અરજી તેઓના બેન કામીબેન બચુભાઈ ગરચરના વાલી યાને ગાર્ડીયન તરીકે નિમવા માટે પરવાનગી આપવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) અરજદારની હાલની અરજી અન્વયે વર્તમાપત્ર દેનિક દિવ્ય ભાસ્કર' માં જાહેર નોટીસ પ્રસિઘ્ધ કરવામાં આવતા જે તા. ૧૯–૧૧ –૨૦૨૫ ના રોજ પ્રસિઘ્ધ થઈને આવેલ છે. જે આ કામે સામેલ રાખવામાં

આવેલ છે. અરજદાર તરફે પોતાની અરજીના સમર્થનમાં જરુરી સંમતી પત્રો સામેલ રાખેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે.

(૩) આ કામમાં અરજદાર તરફે વિ.વ.શ્રી એ. આર. લાખાણીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૪) ઉપરોકત હકીકતે જોવામાં આવે તો આ કામના અરજદારે હાલની અરજી તેમના સગા બહેન કામીબેન બચુભાઈ ગરચરના વાલી તરીકે નિમવા માટે હાલની અરજી કરેલી છે. અને તે અરજીનું કારણ એવુ છે કે, અરજદારના પિતા બચુભાઈ રાણાભાઈ ગરચર (વાઢેર) તા. ૨–૪–૨૦૦૦ ના રોજ અવસાન પામેલ અને અરજદારના માતા મોતીબેન બચુભાઈ ગરચરનું તા. ૨૫–૮–૨૦૨૩ ના રોજ અવસાન થયેલ હોય જેથી સ્વ. બચુભાઈ ગરચર કે જેઓ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા, પોરબંદર ખાતે નોકરી કરતા હતાં અને તેઓ અવસાન પામતા તેની નોકરીના અધિકારને આધીન તેમના પત્નીને તેમનું પેન્શન મળતુ હતુ અને તેઓ સને ૨૦૨૩ માં મૃત્યુ પામતા સદર પેન્શન ફીઝીકલ ડીસેબલ સંતાનને મળવાપાત્ર હોય પરતુ તે અરજી કામીબેન વતી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાને કરતા તેઓએ તેમના ગાર્ડીયન નિમવા માટે જરુરી હુકમ રજુ કરવા જણાવતા હાલની અરજી અરજદારે કરેલ છે. મર્હુમ બચુભાઈ રાણાભાઈ ગરચરને કુલ ૦૫ વારસદારો છે જેમાં (૧) અરજદાર પોતે (૨) ઉષાબેન બચુભાઈ ગરચર (૩) પરમીબેન બચુભાઈ ગરચર (૪) ધીરીબેન બચુભાઈ ગરચર છે. ઉષાબેન, પરમીબેન તથા ધીરીબેને આ કામે અલગથી સોગંદનામા રજુ કરી હાલના અરજદાર નાથાભાઈ બચુભાઈ ગરચરને તેમના ફીઝીકલ ડીસેબલ બહેન કામીબેચ

બચુભાઈના વાલી તરીકે નિમવા માટે સંમતી આપેલ છે જે અરજીના અનુસંધાને આ અદાલતે નીચે મુજબના દસ્તાવેજો વંચાણે લીધેલ છે.

૧. આંક–૯ ઉષાબેન બચુભાઈ ગરચરનું સમંતીપત્ર

૨. આંક–૧૦ પરમીબેન બચુભાઈ ગરચરનું સંમતીપત્ર

૩. આંક–૧૧ ધીરીબેન બચુભાઈ ગરચરનું સંમતીપત્ર

૪. આંક–૧૨ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા દ્વારા આપવામાં આવેલ લેટર

૫. આંક–૧૩ કામીબેન બચુભાઈનું જન્મનું પ્રમાણપત્ર

૬. આંક–૧૪ કામીબેન બચુભાઈ ગરચરનું યુનીક ડીસેબલ આઈ.ડી.

૭. આંક–૧૫ કામીબેન ગરચરનું સીવીલ હોસ્પીટલ પોરબંદર દ્વારા આપવામાં આવેલ ટોટલી ડેફ એન્ડ ડમ્બનું સર્ટી.

૮. આંક–૧૬ બચુભાઈ રાણાભાઈ ગરચરનું મરણ પ્રમાણપત્ર

૯. આંક–૧૭ થી મોતીબેન બચુભાઈ વાઢેરનું મરણ પ્રમાણપત્ર.

૧૦. આંક–૮ વર્તમાનપત્ર 'દિવ્ય ભાસ્કર' માં તા. ૧૯–૧૦–૨૦૨૫ ના રોજ આ અરજી બાબતે આપેલ જાહેર નોટીસ.

(૫) આમ ઉપરોકત તમામ દસ્તાવેજોને ઝીણવટપુર્વક વંચાણે લેતા આ કામના અરજદારના પિતા બચુભાઈ રાણાભાઈ કે જેઓ તા. ૨–૪–૨૦૦૦ ના રોજ મૃત્યુ પામેલ છે અને તેઓ એસ.બી.આઈ. પોરબંદર શાખાના કર્મચારી હતાં અને તેમના પત્ની મોતીબેન બચુભાઈ

તા. ૨૫–૮–૨૦૨૩ ના રોજ મૃત્યુ પામેલ છે તે હકીકત પુરવાર થાય છે તથા મર્હુમ બચુભાઈ રાણાભાઈ ના સીધી લીટીના વારસદારોમાં હાલના અરજદાર નાથાભાઈ બચુભાઈ તથા જે પરમેનેન્ટ ડીસેબલ કામીબેન, ઉષાબેન, પરમીબેન અને ધીરીબેન છે. જેના વિગતે નામ ઉપરના પેરામાં જણાવેલ છે જેમાં કામીબેન પરમેનેન્ટ ડીસેબલ હોવાનું સર્ટી. સીવીલ હોસ્પીટલ પોરબંદરએ આપેલ છે તે આ કામે રજુ રાખેલ છે તથા ડીસેબીલીટીનો યુનીક આઈ.ડી. સરકારશ્રી તરફથી આપવામાં આવેલ છે તે આ કામે રજુ છે. જેથી તેઓ તેમના પિતા મર્હુમ બચુભાઈ રાણાભાઈ ગરચર કે જેઓ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાના કર્ચમારી હતાં તેમના મૃત્યુ બાદ તેમના પત્ની મોતીબેન બચુભાઈને પેન્શન મળતુ હતુ તે બાદ પરમેનેન્ટ ડીસેબલ તેમના દિકરી કામીબેનને પેન્શન મળવાપાત્ર હોય તે કામે તેઓએ કે જે કામીબેન પરમેનેન્ટ ડીસેબલ હોય તેમના ગાર્ડીયન એટલે કે વાલી નિમવા માટે હાલની અરજી કરેલ છે તે કાયદા નજરે એટલે કે રાઈટ ઓફ પર્સન વિથ ડીસેબીલીટીસ એકટ ૨૦૧૬ની કલમ–૨(એસ), કલમ–૧૩, કલમ–૧૪ તથા કલમ–૫૯ વંચાણે લેતા મંજુર કરવા પાત્ર જણાય છે પરંતુ સાથેસાથે ડીસેબલ કામીબેન બચુભાઈના પરમ કલ્યાણ એટલ ે કે તેમનું હિત ધ્યાને રાખવુ પણ જરુરી જણાય છે. જેથી હાલની અરજી શરતોને આધીન મંજુર કરવાનું વ્યાજબી, ન્યાયી તથા ઉચિત જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## : હુકમ :

૧. અરજદારની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

૨. આ કામના અરજદાર ગરચર નાથાભાઈ બચુભાઈને ફીઝીકલ ડીસેબલ કામીબેન બચુભાઈ ગરચર કે જે અરજદારના બહેન છે તેઓના વાલી/ગાર્ડીયન તરીકે નિમવાનો હુકમ કરવામાં આવે છે.

૩. અરજદારની તરફેણમાં જરુરી ગાર્ડીયન સર્ટી. ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪. અરજદારે ગાર્ડીયન તરીકે ફીઝીકલ ડીસેબલ કામીબેન બચુભાઈ ગરચરની યોગ્ય સાર–સંભાળ તથા લાલન પાલન તેમના હીત સબંધી કાર્યવાહી અનુસરવાની રહેશે.

૫. જીલ્લા અદાલતના નાઝીરશ્રી દર વર્ષે જાન્યુઆરી માસમાં ૧ થી ૫ તારીખ દરમ્યાન અરજદારને રુબરુ બોલાવી ફીઝીકલ ડીસેબલ પર્સન કામીબેનની યોગ્ય સાર સંભાળ રાખવામાં આવે છે કે કેમ તે બાબતે ખરાઈ કરવાની રહેશે.

આ હુકમની જાણ સબંધીત ઓથોરીટીને કરવી.

આ હુકમ આજ તા. ૧૩ માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

પોરબંદર.

તા. ૧૩–૦૩–૨૦૨૬

(પી. એચ. શર્મા )
એડીશ્નલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ
પોરબંદર.

કોડ : જી.જે.–૦૦૭૦૧